## સભ્યપદ આવેદન/ Membership Application

નામ/Name: ....................................................................................

સરનામું/Address: ..............................................................................

..........................................................................................................

..........................................................................................................

પૉસ્ટ કોડ/ Post code: ....................................................................

ફોન/Phone: ..................................................................................

ઈમેલ/Email: ..................................................................................

મારું/અમારું નીચે મુજબ [કોઈ એક પર √ કરો] સભ્યપદ સ્વીકારશો.

Please accept my/our membership as indicated by √.

- ☐ વાર્ષિક/Annual: ...................................................... £10
- ☐ આજીવન/Life: ........................................................ £100
- ☐ વાર્ષિક સંસ્થાકીય/Organisation [Annual] .............. £25
- ☐ આજીવન સંસ્થાકીય/ Organisation [Life] .............. £250
- ☐ આજીવન દંપતી સભ્ય/ Couple [Life] .................. £150
- ☐ દાતા/Donor.............................................................. £201
- ☐ સંવર્ધક/Patron: .................................................... £501
- ☐ વિદેશ સભ્ય/ Overseas Member: .........................
  યુનાઈટેડ કિંગડમનો દર લાગુ/Same as in the U.K.

સભ્યપદ લવાજમના £ .......... [રોકડા/ગુજરાતી સાહિત્ય અકાદમીના નામે ચેક/પોસ્ટલ ઓર્ડર] આ સાથે છે.

Membership fee £ ............. is enclosed.

[Cash / cheque / PO payable to 'Gujarati Literary Academy']

સભ્ય ગમે ત્યારે બની શકાય છે પણ વાર્ષિક લવાજમની મુદત ૧ જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બર સુધીની ગણાય છે.

You may become a member at any time; however, duration of membership fee is from 1 January to 31 December.

સહી /Signature: ........................................................................

તારીખ / Date: ........................................................................

## અકાદમીએ યોજેલા કેટલાક મહત્વના કાર્યક્રમો

- આંગ્લ ગુજરાતી પત્રકારત્વ સંવિવાદ, ૧૯૭૮
- પ્રથમ ભાષા-સાહિત્ય પરિષદ, વેમ્બલી, ૧૯૭૯
- સાહિત્ય-કળા પરિસંવાદ પ્રદર્શન-સપ્તાહ, ૧૯૮૦
- ભાષા શિક્ષણ પરિષદ, ૧૯૮૧
- ડાહ્યાભાઈ પટેલ ષષ્ઠિપૂર્તિ સમારોહ
- નરસિંહ મહેતાની પાંચસોમી જન્મ શતાબ્દી
- પુરુષોત્તમ હરજી ભોજાણી સન્માન સમારોહ
- દ્વિતીય ભાષા-સાહિત્ય પરિષદ, લેસ્ટર, ૧૯૮૩
- વીર નર્મદ જન્મ સવા શતાબ્દિ સમારંભ
- મણિલાલ નભુભાઈ દ્વિવેદી જન્મ શતાબ્દી સમારંભ
- રવિશંકર મહારાજ જન્મ શતાબ્દી સમારંભ
- કાકાસાહેબ કાલેલકર જન્મ શતાબ્દી સંસ્કાર સપ્તાહ
- ગિજુભાઈ બધેકા જન્મ શતાબ્દી કાર્યક્રમ
- ગુજરાતી સાહિત્ય અકાદમી દશાબ્દી મહોત્સવ
- ક.મા.મુનશી જન્મશતાબ્દી સમારંભ
- તૃતીય ભાષા-સાહિત્ય પરિષદ, વેમ્બલી, ૧૯૮૮
- સિદ્ધ હેમચંદ્રાચાર્યની ૯૦૦મી જન્મ જયંતિ
- આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિન મહોત્સવ - ૧, ૧૯૮૯
- આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિન મહોત્સવ - ૨, ૧૯૯૦
- ટી.પી. સૂચક સન્માન સમારંભ
- મધુરાય દિગ્દર્શિત ત્રણ એકાંકી નાટકોની રજૂઆત, ૧૯૯૦
- મનુભાઈ પંચોળી 'દર્શક'- મહાભારત પર વ્યાખ્યાન શ્રેણી
- ચતુર્થ ભાષા-સાહિત્ય પરિષદ, બર્મિંગમ, ૧૯૯૧
- આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિન મહોત્સવ - ૩, બર્મિંગમ, ૧૯૯૧
- આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિન મહોત્સવ - ૪, મિલ્ટન કીન્સ, ૧૯૯૨
- મહાદેવ દેસાઈ, ર.વ. દેસાઈ, 'ધૂમકેતુ' જન્મ શતાબ્દીઓ, ૧૯૯૨
- ગુજરાતી પત્રકારત્વની પચીસી- પરિસંવાદ, ૧૯૯૩
- આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિન મહોત્સવ - ૫, લેસ્ટર, ૧૯૯૩
- આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિન મહોત્સવ - ૬, લૂટન, ૧૯૯૪
- ૫મી ભાષા-સાહિત્ય પરિષદ, વેમ્બલી, ૧૯૯૪
- ૬ઠી ભાષા-સાહિત્ય પરિષદ, બેડફર્ડ ૨૦૦૦
- ૭મી ભાષા-સાહિત્ય પરિષદ, ફિન્ચલી ૨૦૦૫
- ૮મી ભાષા-સાહિત્ય પરિષદ, ક્રોયડન ૨૦૦૯
- ગુજરાતી શિક્ષણ: અભ્યાસક્રમ, શિક્ષક તાલિમવર્ગો, પરિક્ષાઓ
- અસ્મિતા, આહ્વાન ઈત્યાદિ પ્રકાશનો

***અકાદમીની પ્રવૃત્તિઓમાં નફા નુકસાનનું નહીં પણ ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર દ્વારા ઘરઘરમાં ગુજરાત ખડું કરવાનું ધ્યેય છે.***

# ગુજરાતી સાહિત્ય અકાદમી

## GUJARATI LITERARY ACADEMY

**Gujarati Literary Academy Ltd**

**'Holly Cottage',**

**13, Ferring Close**

**Harrow**

**Middlesex HA2 0AR**

**[U.K.]**

***Registered Charities Number: 1087722***

***Company Registered in England No.: 4111485***

• ગુજરાતી સાંભળીએ • ગુજરાતી બોલીએ

• ગુજરાતી વાંચીએ • ગુજરાતી લખીએ • ગુજરાતી જીવીએ

ગુજરાતી સાહિત્યકારો અને સાહિત્ય રસિકોને
સંકલિત તેમજ સંગઠિત કરતું મંડળ

## ગુજરાતી સાહિત્ય અકાદમી

હેતુઃ ગુજરાતી સાહિત્ય, ભાષા અને સંસ્કાર- સંસ્કૃતિનો આમ પ્રજામાં કોઈ પણ પ્રકારના વર્ણ, ધર્મ, જ્ઞાતિ, પંથ, જાતિ અથવા રાષ્ટ્રીયતાના ભેદ વગર પ્રચાર-પ્રસાર કરવો ને કરાવવો.

નિર્દેશાત્મક સિદ્ધાંતોઃ

- ગુજરાતી સાહિત્યનાં સર્જનાત્મક અને વિવેચનાત્મક વિવિધ પાસાંઓને અને પ્રવૃત્તિઓને વેગ આપવો
- ગુજરાતી તેમજ બિનગુજરાતી સાહિત્યકારો અને કળાકારોના પ્રવચનો અને ચર્ચા ગોઠવવાં.
- ગુજરાતી સાહિત્ય અને ભાષાની અસ્મિતાનો વિકાસ સાધતા કાર્યક્રમો યોજવા.
- બ્રિટનમાં રચાતાં ગુજરાતી સાહિત્યના નિષ્કર્ષરૂપ વાર્ષિક અંકની યોજના કરવી.
- ગુજરાતી ભાષાના રસ, વિકાસ અને પ્રચારને પોષતી વિવિધ પ્રવૃત્તિઓ કરવી.
- ગુજરાતી ભાષાના શિક્ષણ માટે સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે અધિકૃત સતાવાળાઓ સાથે સહકાર કેળવી સક્રિય સલાહ સૂચનો આપવાં.

## બીજથી વૃક્ષ સુધી...

ગુજરાતી સાહિત્યનાં બીજ રોપ્યાં હતાં ગુજરાતી સાહિત્ય મંડળે. ૧૯૭૫માં જ આ મંડળ નક્કરપણે પુનઃ રચાઈને સાતત્યપૂર્વક કામ કરતું થયું. તે પહેલાં એ જ નામનું મંડળ સ્થપાયું હતું. પરંતુ એક નોંધપાત્ર કવિસંમેલન યોજવાનું જ એણે કામ કરેલું. ૧૩ નવેમ્બર ૧૯૭૬નાં લેસ્ટરમાંનાં એ કવિસંમેલનથી અકાદમીની કલ્પનાએ આકાર લીધો.  12 ફેબ્રુઆરી ૧૯૭૭ના શ્રી સૂર્યકાંત દવેના નિવાસસ્થાને મંડળ વિધિવત રીતે ગુજરાતી સાહિત્ય અકાદમી બન્યું હતું.

ત્યારથી તે સતત અકાદમીની મજલ જારી રહી છે, વિકાસના પંથે અતિ વ્યસ્ત રહી છે. માત્ર કાવ્ય નહિ પરંતુ સાહિત્યનાં દરેક અંગના વિકાસ માટે તેણે મથામણ કરી છે. આ સમયગાળા દરમિયાન આ દેશમાં ગુજરાતી ભાષાના ઉદ્ધાર માટે તેણે મહાયજ્ઞ માંડ્યો છે. સાહિત્ય અને કળાના વિવિધ સ્વરૂપો જો અકાદમીના ધ્યેયના સિક્કાની એક બાજુ હોય તો ભાષા અને શિક્ષણ એની બીજી બાજુ છે. અકાદમીએ ભાષા-સાહિત્ય પરિષદો યોજી છે. આ પરિષદો એટલે આ દેશમાં યોજાતા લિટરરી ફેસ્ટિવલની નજીકનો સાંસ્કૃતિક ઉત્સવ.

સંગીત, ચર્ચા, ભાષા શિક્ષણના પ્રશ્નો, કવિ સંમેલન વગેરે અનેક સ્તરે તે વિસ્તરે. ચિત્રકળા પ્રદર્શન દરમિયાન એવોજ ઉત્સવ યોજાય તો પુસ્તકમેળા દરમિયાન પણ એવું. શિક્ષકો માટેની કોન્ફરન્સથી માંડીને પાઠ્યપુસ્તકો વિશેના સેમિનાર સુધી તેણે વ્યાપ રાખ્યો છે. નૃત્યકળા, સંગીતકળા, હસ્તકળા ઈત્યાદી દરેક ક્ષેત્રને સ્પર્શતા કાર્યક્રમો યોજાયા છે. અંગ્રેજી કવિઓ, જાણીતા ગુજરાતી કવિઓ, સિદ્ધહસ્ત સાહિત્યકારો, ફિલસૂફો, જાણીતા ધાર્મિક અને રાજકીય વિચારકો, વિવેચકો,તંત્રીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, ચિત્રકારો, નાટ્ય દિગ્દર્શકો- એમ અનેક પ્રસિદ્ધ કળાકારો અને વ્યક્તિઓના અકાદમીએ કાર્યક્રમો ગોઠવી પ્રજામાં શુદ્ધ સાંસ્કૃતિક પ્રચારની અલગ ભાત ઊભી કરી છે. સાહિત્યના પ્રચાર માટે હરીફાઈઓ રાખવામાં આવે છે.

1988થી અકાદમીએ સાર્વત્રિક સ્વરૂપે ગુજરાતીની પરીક્ષાઓ પણ લેવાની વ્યવસ્થા કરી છે. અકાદમીએ 1987થી શિક્ષક તાલીમ વર્ગો લેવાના શરૂ કર્યા છે. અકાદમી હેઠળ દર વર્ષે મે માસના પહેલા દિવસની આસપાસના રવિવારે ‘આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિવસ મહોત્સવ’ પણ ૧૯૮૯થી ઉજવાતો થયો છે.

અકાદમીના કાર્યને, ખાસ કરીને ભાષકાર્યને  ગુજરાતમાં ને દરિયાપાર જે રીતે બિરદાવાયું છે તે જોતાં વધુને વધુ વડવાઈઓ પાછી જમીનમાં ઊતરીને કબીરવડ સમ ફેલાય એ દિવસો દૂર નથી.

## GUJARATI LITERARY ACADEMY

AN

INSTITUTION

CO-ORDINATING AND UNITING

GUJARATI LITTERATEURS

AND

CONNOISSEURS

OF

LITERATURE, LANGUAGE AND CULTURE

**OBJECT:** The objects of the Academy shall be to advance the Education of public in Gujarati Literature, Language and Culture without distinction of race, religion, caste, creed, gender or nationality.

**DIRECTIVE POWERS:**

- To encourage, promote and contribute to activities and variegated facets of creative and critical Gujarati Literature.
- To stimulate and arrange discussions on all aspects of Gujarati and non Gujarati Literature.
- To encourage, promote and organise activities and programmes for the betterment of Gujarati literary and linguistic self-consciousness.
- To publish outstanding Gujarati literary works in the western world through Academy’s journal ‘Asmita’ and other appropriate means.
- To undertake and encourage amongst educationalist, teachers, parents and community organisations, various activities to stimulate development of appropriate Gujarati linguistic resources.
- To advise and co-operate with educational and other local and national governmental authorities regarding education in Gujarati language.